# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૪/૧૬–૧૭/ 3529 તા. 26/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મારવિયા સવિતાબેન વલ્લભભાઈ,
– વંદે માતરમ– ગોવિંદ નગર નં. –૧,,
બાલાજી હોલની બાજુમા
૧૫૦ ફુટ રીગ રોડ,
રાજકોટ
મો: ૯૭૧૪૪ ૩૭૪૧૪, ૯૪૨૬૬ ૭૮૩૭૮

**વિષય :–ફોરમ ના હુકમ ની અમલવારી બાબત – રીવ્યુ અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૮/કવા–૦૪/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 4)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, નિકાવા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 01 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૮/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૨૭–૦૪–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: મારવિયા સવિતાબેન વલ્લભભાઈ, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પતિ શ્રી વલ્લભભાઈ ભુરાભાઈ મારવિયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, નિકાવા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

## : હુકમ :

**ફરીયાદ : ફોરમ ના હુકમ ની અમલવારી બાબત – રીવ્યુ અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૩૧/૦૧૦૪૧/૬ ને, નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવા બાબતે ના, અગાઉ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર રાજકોટ દ્વારા હુકમ નંબર : પીજીવીસીએલ / સીજીઆરએફ/ ૫૦/ક્વા–૦૩ /૧૬–૧૭ તા.૦૨–૦૧–૧૭ થી હુકમીત થયેલ, કેઈસ ના અનુસંધાને, તેઓ શ્રી એ પીજીવીસીએલ ની સબંધક નિકાવા પેટા વિભાગીય કચેરી મા – '' નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવા '' સબબ ની, વિધીસર ની નિયત અરજી ફોર્મ મા નામ બદલી ની અરજી સાથે, પંચાયત / મામલતદાર કચેરી ના જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ તેમજ, મુળ '' મૃતક એવા મુળ ગ્રાહક શ્રી ના સીધીલીટી ના અન્ય વારસદારો ના – રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર સંમતીજનક સહી કરી – અને તે મુજબ, અન્ય વારસદારો નો લેખીત સંમતીપત્ર પણ રજુ કરી, અને તે મુજબ, '' સદર કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૩૧/૦૧૦૪૧/૬ ને – નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવા '' માટે ની વિધીસર ની અરજી, સબંધક પેટા વિભાગીય કચેરી મા રજુ કરી આપેલ છે.'' |
| ૧.૨ | પરંતુ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની '' નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની'' પીજીવીસીએલ મા રજુ કરાયેલ એવી અરજી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, નોંધણીચાર્જ વસુલ કરીને, નોંધણી ની કાર્યવાહી કરાયેલ નથી. પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજી સાથે રજુ કરાયેલ એવા રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર ના લેખીત સંમતીપત્ર મા – મૃતક એવા મુળ ગ્રાહક ના સીધીલીટી ના વારસદારો ની સહીઓ થયેલ છે. પરંતુ, મૃતક એવા મુળ ગ્રાહક ની પુત્રીઓની લેખીત સંમતીજનક સહીઓ, જે સદર રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર મેળવી અને ફરી વખત રજુ કરવાનો, પીજીવીસીએલ ની સબંધક વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી પાસે આગ્રહ રાખવામા આવેલ છે. |
| ૧.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે ના, મૃતક એવા મુળ ગ્રાહક ના સીધીલીટી ના વારસદારો માહેની પુત્રીઓની, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની, સંમતીજનક સહીઓ બાબતે ના, પીજીવીસીએલ ના આગ્રહ બાબતે, અરજદાર શ્રી ફોરમ કમિટી સમક્ષ વિસ્તૃત પણે અને કાયદાકીય રીતે સ્પષ્ટતા કરતા જણાવે છે કે, સ્વ. મુળ ગ્રાહક તરફથી –તેમની માલીકી ની ખેતીવાડીની તમામ જમીનો ની – અગાઉ, તાલુકા મામલતદાર કક્ષાએથી, કલમ–૧૩૫ ડી હેઠળ ની – મામલતદાર દ્વારા વારસાઈ એન્ટ્રી અન્વયે ની કાર્યવાહી હાથ ધરાયેલ હતી. આ મુજબ ની, કલમ–૧૩૫ ડી અંતર્ગત ની મામલતદાર શ્રી ની કાર્યવાહી દરમ્યાન, સ્વ. મુળ ગ્રાહક ના તમામ સીધીલીટી ના વારસદારો – ખાસ કરીને પુત્રીઓ એ, મામલતદાર કચેરી મા રૂબરૂ ઉપસ્થિત રહીને, મામલતદાર શ્રી ની હાજરી માજ, તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ની માલીકી ની તમામ ખેતીવાડીની જમીન મા – સીધીલીટી ના વારસાઈ હકક હેઠળ નો હિસ્સો જતો કરી આપેલ છે. આમ, પુત્રીઓએ, તેઓ શ્રી ના મૃત પિતાશ્રી ની ખેતીવાડી ની જમીન મા, હિસ્સો ન મેળવવા માટે ની, પુત્રીઓની ઈચ્છા ન હોય, આ મુજબ ની પુત્રીઓની માંગણી અન્વયે, જે તે સમયે – રેવન્યુ કાર્યવાહી ની કલમ–૧૩૫ ડી અન્વયે – ખેતીવાડીમા ભાગ જતો કરવાની – મેજીસ્ટ્રેટીવ ઓથોરીટી સમક્ષ, ખેતીવાડી ની મીલકત મા ભાગ ન લેવા બાબતે ની – સ્વ. ગ્રાહક શ્રી ની તમામ પુત્રીઓએ લેખીત સંમતી આપેલ હતી. |

| | |
|---|---|
| **૧.૪** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૧.૩ મુજબ ની વિગતે, '' પુત્રીઓએ તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ની માલીકી ની ખેતીવાડી ની જમીન મા સીધીલીટી ના વારસદાર ના હકક મુજબ, ભાગ જતો કરી આપેલ હોય '' આવા કારણોસર, જે તે સમયે, વારસદાર ના હકક મુજબ ની મેજીસ્ટ્રેટીવ કાર્યવાહી અંતર્ગત – તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ની તમામ ખેતીવાડી ની મીલ્કતો – જે મૃતક એવા મુળ ગ્રાહક ના માત્ર પુત્રો ના નામે જ વારસદાર ના હકક મુજબ તબ્દીલ થયેલ છે. પરંતુ, આ તબ્દીલી મા પુત્રીઓના નામનો કોઈ ઉલ્લેખ નથી. આમ, રેવન્યુ કાર્યાલય ના દસ્તાવેજીક પેપર – એટલેકે હકકપત્રક –૬ મા – માત્ર પુત્રોના નામો ની જ વારસદાર ના હકક મુજબ ની સીધી એન્ટ્રી થયેલ છે. જ્યારે, પુત્રીઓના નામોની વારસદાર ના હકક મુજબ ની એન્ટ્રી થયેલ નથી. અરજદાર શ્રી ના રેકર્ડ આધારીત સ્પષ્ટતા સાથે જણાવ્યા મુજબ, તેઓ શ્રી એ , તેઓ શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની '' નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવા ની વિધીસર ની અરજી મા '' આ મુજબ ની વિગતે ની સ્પષ્ટતા દર્શાવતુ હકકપત્રક –૬ પણ – સદર અરજી સાથે ના અન્ય દસ્તાવેજીક પેપર્સ સાથે, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરી આપેલ છે. આ સ્પષ્ટતા મુજબ ની બાબત પીજીવીસીએલ ની સબંધક કચેરી ના સંનિષ્ઠ અધિકારીઓ તરફથી અભ્યાસે લેવામા આવેલ નથી. આવા કારણોસર, તેઓ શ્રી ની કાયદેસર ની યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ ની, સદર સવાલવાળી '' નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવા ની વિધીસર ની અરજી '' પીજીવીસીએલ કક્ષાએથી નોંધાયેલ નથી. આમ, અગાઉ ફોરમ તરફથી હુકમીત થયેલ સદર કેઈસ ની અમલવારી, જે સબંધક કચેરી ના સબંધક અધિકારીઓની, નિયમોની અપુરતી જાણકારી ના કારણોસર થયેલ ન હોવા બાબતે, અરજદાર શ્રી ને ઘેરો અસંતોષ રહેતા, આખરે લાચારીવશ ફોરમ સમક્ષ, સદર રીવ્યુ અરજી કરવાની ફરજ પડેલ છે. |
| **૧.૫** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૧.૪ મુજબ ની વિગતો ને, કાયદાકીય અને દસ્તાવેજીક સમર્થન મળે તે મુજબ ના, તેઓ શ્રી ના મૃતક પિતાશ્રી ની અગાઉ ની મુળ માલીકી, અને ત્યારબાદ ની વારસાઈ એન્ટ્રી મુજબ ની તબ્દીલ માલીકી ની તમામ વિગતો, જે મામલતદાર શ્રી ની કચેરી ના, નામ બદલી અને પુનઃ જોડાણ ની અરજી સાથે રજુ થયેલ એવા મહત્વના દસ્તાવેજીક પેપર્સ, એટલેકે હકકપત્રક –૬ ની ઉતરોતર માલીકી ની તબ્દીલી મુજબ ની વિગતો – જે ફરી એક વખત ઉંડાણ પૂર્વક અભ્યાસે લેતા, પીજીવીસીએલ ની સક્ષમ કક્ષાને, '' સદર હકકપત્રક –૬ મા – સ્વ. ગ્રાહક ની ખેતીવાડીની મીલ્કતો મા વારસાઈના રૂએ પુત્રીઓનો ભાગ / હિસ્સો / હકક ન હોવા બાબત– રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ હોવાની બાબત અવશ્ય જાણવા મળશે'' આમ, સ્વ. ગ્રાહક ની મીલ્કત મા, સીધીલીટી ના વારસદાર ના હકકે માત્ર પુત્રોને જ ભાગ / હિસ્સો / હકક મળેલ હોય, અને તે અન્વયે માત્ર પુત્રો ના નામે તબ્દીલ થયેલ એવી મૃતક ગ્રાહક ની ખેતીવાડી ની જમીન પર જ આવેલ એવા – અને અગાઉ કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા ખેતીવાડી વીજજોડાણ વાળી જમીન – કે જે જમીન સ્વ. ગ્રાહક ના માત્ર પુત્રોને જ વારસાઈ મા મળેલ હોય – પુત્રીઓને મળેલ ન હોય, જેથી, રૂ.૧૦૦/–ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર માત્ર પુત્રો ની જ લેખીત સંમતીજનક સહી ની કાયદાકીય રીતે જરૂર છે. પુત્રીઓની લેખીત સંમતીજનક સહી ની જરૂર નથી. આ બાબત, કાયદેસર રીતે યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ આવરી લઈ, અને પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ની સદર નામ બદલી અને પુનઃ જોડાણ ની અરજી ને નોંધણીચાર્જ વસુલ કરીને, નોંધણી કરવા માટે, ફરી એક વખત અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ અત્યંત સ્પષ્ટતા સાથે ના ભારપૂર્વક ની અરજી કરેલ છે. આમ, સ્વ. પિતાશ્રી ની માલીકી ની ખેતીવાડી ની જમીન મા પુત્રીઓનો કોઈ ભાગ કે હિસ્સો ન હોય, પુત્રીઓની લેખીત સંમતીજનક સહી નો, પીજીવીસીએલ ફોરમ કમિટી જે આગ્રહ રાખવામા આવેલ છે, તે બાબત, કાયદાકીય અને નિયમાધીન યોગ્ય ન હોય, જેથી,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરી એક વખત નમ્રતા સાથે ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફોરમ કમિટી તરફથી અગાઉ હુકમીત થયેલ એવો (૧) પીજીવીસીએલ/ સીજીઆરએફ/ ૨૫/કવા–૦૧ /૧૨–૧૩/ ૭૨૭૫, તા.૨૧–૦૭–૧૨ અને ત્યારબાદ (૨) પીજીવીસીએલ / સીજીઆરએફ/ ૫૦/ કવા–૦૩/ ૧૬–૧૭/ ૦૩ તા.૦૨–૦૧–૧૭ નો કેઈસ, જે હાલ પીજીવીસીએલ કક્ષાએથી પડતર રહેવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી તા.૨૬–૦૪–૧૭ ની, ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, ફોરમ કક્ષાએ હાલના નોંધણી નંબર: પીજીવીસીએલ / સીજીઆરએફ/ ૫૮/કવા–૦૪/૧૬–૧૭ થી, રીવ્યુ કેઈસ હેઠળ આવરી લેવાયેલ છે. જે અન્વયે, સદર કેઈસ પડતર રહેવાના કારણો, જે અત્રે તરફથી નીચેના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ફોરમ કમિટી ની આજરોજ ની તા.૨૭–૦૪–૧૭ ની મીટીગ મા લેખીત અહેવાલ સાથે રજુ કરાયેલ છે. |

| | |
|---|---|
| **૨.૨** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નો, તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી અને પીજીવીસીએલ ના મુળ ગ્રાહક એવા શ્રી ભુરાભાઈ નરશીભાઈ મારવિયા ના નામનુ ગામ નીકાવા ખાતેના, અગાઉ ના મુળ ગ્રાહક શ્રી ભુરાભાઈ નરશીભાઈ મારવિયા ની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર મા આવેલ એવુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૨૭૩૧/૦૧૦૪૧/૦ ( હોપા ટેરીફ – એ ૧ કેટેગરી) , જે અગાઉ વર્ષ–૨૦૦૧ ની સ્થિતી એ, કાયમી ધોરણે રદબાતલ થયેલ હતુ. ફરીયાદી અરજદાર શ્રી એ સદર રદબાતલ કરાયેલ જોડાણ મા, પીજીવીસીએલ ની બાકી લેણી રકમ, તા.૧૪–૧૦–૨૦૦૩ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી. પરંતુ, જે તે સમયે, સદર કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા જોડાણ ને પુનઃ ચાલુ કરવાની વિધીસર ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોંધાવેલ ન હતી. |
| **૨.૩** | આમ, હવે ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ભુરાભાઈ નરશીભાઈ મારવિયા ના નામ પર ના સદર પીડીસી વીજજોડાણ ને, સ્વ. ગ્રાહક શ્રી ભુરાભાઈ નરશીભાઈ મારવિયા ના નામ પરથી, તેઓ શ્રી ના પુત્રવધુ શ્રીમતી સવિતાબેન વલ્લભભાઈ મારવિયા ના નામ પર, નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની, ફોરમના અગાઉ ના હુકમો ને આધિન એવી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર '' નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ ની અરજી'' જે, સબંધક પેટા વિભાગીય કચેરી મા, ફરીયાદી અરજદાર શ્રી એ, નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ, જોડીને રજુ કરેલ છે. |
| **૨.૪** | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, '' પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા રજુ કરાયેલ એવી – નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી સાથે'' ખાસ કરીને, (૧) મુળ ગ્રાહક શ્રી ની અવસાન નોંધ દર્શાવતો દાખલો, તેમજ (૨) મુળ સ્વ. ગ્રાહક શ્રી ના સીધીલીટી ના તમામ વારસદારો ના, '' રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીદર્શક સહીઓ સાથે નુ, લેખીત સંમતીપત્ર'' જે રજુ થયેલ નથી. જેથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય / વિભાગીય કચેરી તરફથી – સદર ઘટતા દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરવા બાબતે ની – ફરીયાદી અરજદાર શ્રી ને, અનુક્રમે તા.૧૩–૦૧–૧૭ અને તા.૨૭–૦૨–૧૭ ના રોજ લેખીત પત્રો આપીને જાણકારી અપાયેલ છે. તેમ છતા, અરજદાર શ્રી એ સદર ઘટતા દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ નથી. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ''નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી '' પરત્વે અરજી નો નોંધણીચાર્જ વસુલ કરી, અરજી ની નોંધણી કરી અને ત્યારબાદ ની મંજુરી ની કાર્યવાહી હાથ ધરાયેલ નથી. |
| **૨.૫** | આમ, ફરીયાદી અરજદાર શ્રી તરફથી ઉપરોક્ત મુદદા નં. ૨.૫ મુજબ ની વિગતે ના, ઘટતા દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયેથી, ફરીયાદી અરજદાર શ્રી ની નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી પરત્વે નોંધણીચાર્જ વસુલ કરી, અને વિધીસર ની નોંધણી કરવામા આવશે. તદ ઉપરાંત, સદર વર્ષ–૨૦૦૧ ની સ્થિતી એ, કાયમી ધોરણે રદબાતલ કરાયેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૨૭૩૧/૦૧૦૪૧/૦ ને (હોપા ટેરીફ – એ૧ કેટેગરી) ને– જોડાણ કાયમી ધોરણે રદબાતલ થયા ને ૦૫ વર્ષ થી વિશેષ સમયગાળો થયેલ હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, અરજદાર શ્રી ની સદર અરજી ને, નામ બદલી સાથે, '' ટપક સીચાઈ પધ્ધતિ હેઠળ'' જોડાણ ને પુનઃ ચાલુ કરવાની, નિયમાધીન અંતર્ગત ની પ્રક્રીયાઓ પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ, જે અગાઉ ફોરમ કમિટી તરફથી અગાઉ હુકમીત થયેલ એવો (૧) પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૧/૧૨–૧૩/૭૨૭૫, તા.૨૧–૦૭–૧૨ અને ત્યારબાદ (૨) પીજીવીસીએલ / સીજીઆરએફ/ ૫૦/કવા–૦૩/૧૬–૧૭/૦૩ તા.૦૨–૦૧–૧૭ નો કેઈસ , જે હાલ પીજીવીસીએલ કક્ષાએથી પડતર રહેવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી તા.૨૬–૦૪–૧૭ ની, ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, ફોરમ કક્ષાએ હાલના નોંધણી નંબર: પીજીવીસીએલ / સીજીઆરએફ/ ૫૮/કવા–૦૪/૧૬–૧૭ થી, રીવ્યુ કેઈસ હેઠળ આવરી લેવાયેલ હોવાની બાબત, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, સ્વીકૃત થયેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની, અગાઉ ની ઉપરોક્ત હુકમીત થયેલ અરજીઓ વાળા કેઈસ મા, ફોરમ કમિટી તરફથી, તા.૩૦–૧૨–૧૬ ની જામનગર ખાતેની મીટીગ મા, પીજીવીસીએલ પક્ષકાર ના પ્રતિનીધી, એટલેકે ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર ના કાર્યપાલક ઈજનેર શ્રી ને, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદી નુ નિરાકરણ કરવા માટે, જે કાંઈ વિગતો / બાબતો ઘટતી હોય, તે તમામ વિગતો / બાબતો, ફરીયાદી અરજદાર શ્રી નો રૂબરૂ સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી સમજણ આપી, અને પૂર્તતા કરી, અને સદર કેઈસ મા, '' નામ બદલી સાથે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની'' વિધીસર ની અરજી, જે દિન–૧૦ મા જ, અરજદાર પક્ષકાર પાસેથી મેળવી, અને નોંધણીચાર્જ વસુલ કરી અને, સદર અરજીઓ ને મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાનો આદેશાત્મક હુકમ, જે ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર ના કાર્યપાલક ઈજનેર શ્રી ને, અધિક્ષક ઈજનેર શ્રી વર્તુળ કચેરી જામનગર ની જાણકારી હેઠળ થયેલ હતો. તેમ છતા, સદર કેઈસના હુકમ ને, વર્તુળ કચેરી / વિભાગીય કચેરી ના સબંધક જવાબદાર અધિકારીઓએ ગંભીરતા થી લીધેલ ન હોવાના કારણોસર જ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ નિરાકરણ ન થતા, આખરે અરજદાર શ્રી ને લાચારીવશ સદર રીવ્યુ ફરીયાદ અરજી, અત્રેના ફોરમ સમક્ષ કરવાની પડેલ હોવાની બાબત ને, ફોરમ કમિટી તરફથી ગંભીર નોંધ લેવામા આવેલ છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો / બાબતોની પીજીવીસીએલ ના જવાબદાર અધિકારીઓ દ્વારા થયેલ અનદેખી ના કારણો ને વધુ સમર્થન આપતો, સદર કેઈસ મા, સબંધક વિભાગીય કચેરી તરફથી, અપુરતો અને ત્રુટીજનક અહેવાલ પણ – એટલેકે, '' મૃત ગ્રાહક ના સીધીલીટી ના વારસદારો ના રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર, ખરેખર કયા પ્રકાર ના ભાગ / હિસ્સો / હકક ધરાવતા, સીધીલીટી ના વારસદારો ની સહી સાથે ના લેખીત સંમતીપત્ર જરૂરી છે? '' તેની વિસ્તૃત પણે, સ્પષ્ટતાઓ, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી ની આજરોજ ની તા.૨૭–૦૪–૧૭ ની મીટીગ મા રજુ કરાયેલ છે. ફોરમ કમિટી તરફથી આ મુજબ ની, પીજીવીસીએલ પક્ષકાર ની ત્રુટીજનક કાર્યવાહી ની ગંભીર નોંધ લેવામા આવેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની , ફરીયાદી અરજદાર શ્રી ના સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ની નકારાત્મક તેમજ, વીજ ગ્રાહક પ્રત્યે અસહકારમય કાર્યવાહી ની ગંભીર નોંધ, જે ફોરમ કમિટી તરફથી, વર્તુળ કચેરી ના સક્ષમ વડા એવા અધિક્ષક ઈજનેર શ્રી સમક્ષ, ખાસ ગંભીરતા હેઠળ નુ ધ્યાન દોરી અને રજુ કરવામા આવે છે. |
| **૩.૪** | સદર કેઈસ મા, '' નામ બદલી સાથે ની જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી ના દસ્તાવેજીક પેપર્સ મા'' ખાસ કરીને, મૃતક ગ્રાહક શ્રી ના સીધીલીટી ના વારસદારો ના, વારસાઈ હકક હેઠળ મળેલ, ખેતીવાડી ની જમીન ના વારસદારો ના કયા પ્રકાર ના વારસદારો ની સંમતી ની જરૂર છે? તેમજ કયા પ્રકાર ના વારસદારો ને કેવા કારણોસર સંમતી ની જરૂર નથી ? તેની વિસ્તૃત સ્પષ્ટતાઓ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી થયેલ નથી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ અરજી ની મુદદા નં. ૧.૩,૧.૪ અને ૧.૫ ના મુદદાઓ મા વર્ણવ્યા મુજબ ની, વિશેષ છણાવટ કરાયેલ એવ વિગતો, જે પીજીવીસીએલ ની ખાસ કરીને, વર્તુળ કચેરી / વિભાગીય કચેરી ના સબંધક અધિકારી ના ધ્યાને, ફોરમ કમિટી તરફથી આ સાથે મુકવામા આવે છે. આ વિગતો, રેકર્ડ આધારીત બાબતો ને આનુષાંગીક રહી અને, વર્તુળ કચેરી / વિભાગીય કચેરી કક્ષાએથી, ગુણવત્તાયુક્ત રીતે અભ્યાસે લેવાની ખાસ ભારપૂર્વક જણાવવા મા આવે છે. |
| **૩.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મૃતક ગ્રાહક શ્રી ના ખેતીવાડી વીજજોડાણ વાળી જમીન તેમજ તેઓ શ્રી ની માલીકી ની અન્ય જમીન, જે મૃતક ગ્રાહક ની હૈયાતી બાદ, હકકપત્રક –૬ મા થયેલ ઉતરોતર નોંધ મુજબ – "''જો – સીધીલીટી ના વારસાઈ હકક હેઠળ ના વારસદારો, કે જે વારસદારો ને મૃતક ગ્રાહક શ્રી તરફથી વારસાઈ ના રૂ એ અપાયેલ, એવી ખેતીવાડી ની જમીન ના ભાગ / હિસ્સો / હકક હેઠળ ના વારસાઈ ભાગ / હિસ્સો / હકક મળેલ હોય, તે મુજબ ના, હકકપત્રક –૬ મા નોંધાયેલ એવા ખેતીવાડી જમીન ના માત્ર એવા જ વારસદારો પાસેથી જ, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીજનક સહી ની કાયદાકીય રીતે જરૂરીયાત છે. પરંતુ, ઉતરોતર હકકપત્રક –૬ મા ખેતીવાડી ની જમીન ની વારસાઈ ભાગ / હિસ્સો / હકક ન ધરાવતા હોય, અને ઉતરોતર હકકપત્રક –૬ મા, આવા વારસદારો નામની નોંધ થયેલ ન હોય, તેવા કોઈ વારસદારો પાસેથી, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીજનક સહી ની કાયદાકીય રીતે જરૂરીયાત રહેતી નથી.'' આ બાબત, કાયદાકીય રીતે યોગ્ય અને વ્યાજબી હોવાનો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૬** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, રેકર્ડ આઘારીત એવા, ઉત્તરોત્તર વારસાઈ હકકપત્રક –૬ ની વિગતો ને આધિન રહીને, આ મુજબ ની પૂર્તતાઓ , જે પીજીવીસીએલ ની સબંઘક વર્તુળ કચેરી / વિભાગીય કચેરી કક્ષાએથી સંપન્ન કરીને, ફરીયાદી અરજદાર શ્રી ની '' સદર નામ બદલી અને જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી સાથે ના, નિયમાઘીન એવા રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર, માત્ર હકકપત્રક –૬ મા ખેતીવાડી ની જમીન ની વારસાઈ ભાગ / હિસ્સો / હકક ઘરાવતા હોય, માત્ર તેવા અરજદારો ની લેખીત સંમતીજનક સહી સાથે નુ, લેખીત સંમતીપત્ર '' તથા મૃતક ગ્રાહક ના અવસાન નોઘ નુ પ્રમાણપત્ર, એમ પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ ના ઘટતા દસ્તાવેજીક પેપર્સ અરજદાર શ્રી પાસેથી મેળવી અને, તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર નામ બદલી અને પુનઃ જોડાણ મેળવવા માટે ની સદર અરજી, જે હાલ ના તબ્બકે, અરજદાર શ્રી તરફથી પીજીવીસીએલ ની સબંઘક કચેરી સમક્ષ રજુ કરાયેલ છે, તે અરજી પરત્વે, અરજદાર શ્રી પાસેથી નોંધણીચાર્જ વસુલ કરી અને, અરજી ની નોંધણી કરી અને– '' સદર વર્ષ–૨૦૦૧ ની સ્થિતી એ, કાયમી ઘોરણે રદબાતલ કરાયેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૨૭૩૧/૦૧૦૪૧/૦ ને (હોપા ટેરીફ – એ૧ કેટેગરી) ને– જોડાણ – જે કાયમી ઘોરણે રદબાતલ થયા ને ૦૫ વર્ષ થી વિશેષ સમયગાળો થયેલ હોય – તે જોડાણ ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર શ્રી ની સદર અરજી ને, નામ બદલી સાથે, '' ટપક સીચાઈ પધ્ધતિ હેઠળ'' જોડાણ ને પુનઃ ચાલુ કરવાની – નિયમાઘીન અંતર્ગત ની પ્રક્રીયાઓ પીજીવીસીએલ તરફથી ત્વરીતે હાથ ઘરી અને, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૬ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને, અરજદાર શ્રી ની, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી મા પડતર રહેલ એવી, સદર નામ બદલી સાથે '' જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી ને ટપક સીચાઈ પધ્ધતિ હેઠળ'' સવાલવાળા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૨૭૩૧/૦૧૦૪૧/૦ ને પુનઃ ચાલુ કરવાની – નિયમાઘીન અંતર્ગત ની તમામ પ્રક્રીયાઓ, જે પીજીવીસીએલ તરફથી ત્વરીતે હાથ ઘરી અને, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંઘક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.